પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ મકાન,દુકાન ભાડા જાહેરનામું/૩૪૨૪ /૨૦૨૫ તા :૨૭/૦૬/૨૦૨૫

## :: જાહેરનામું ::

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઇ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔધોગિક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકાર નાગૃહ વિભાગના તારીખ ૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:GG/૪૨૨/C.R.C./૧૦૮૨/M તથા ગૃહ વિભાગના તારીખ ૦૭/૧૧/૮૯ ના સંકલીત જાહેરનામા નંબર: GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ ઔધોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકોએ ખાસ સતા આપેલ વ્યક્તિ મકાન/દુકાન/ઓફિસના માલિકો /ઔધોગિક **એકમો ભાડે આપેલ છે તેવા** મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકોએ માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમો **હવેથી ભાડે આપે ત્યારે** તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમો ભાડે આપી શકે નહિ, હવે પછી મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમો ભાડે

આપી શકે નહિ, હવે પછી મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસના માલિકો તથા ઔદ્યોગિક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નુ. | વિગત | |
|---|---|---|
| ૧. | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમની વિગત, કયાં વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ | |
| ૨ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનુ નામ સરનામું ટેલી.નંબર | |
| ૩ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ. | |
| ૪ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનુ સરનામું ફોટા સાથે. | |
| ૫ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પુરુ નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધિઓના નામ, સરનામા | |
| ૬ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનુ નામ સરનામુ ટેલીફોન નંબર | |
| ૭ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ ?તેની વિગત | |

**:: નિયમો ::**

૧. આ ફોર્મ કાળી સહિવાળી પેનથી ભરવાનુ રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલીક અને ભાડુઆતે કલાક ૧૮:૦૦ થી કલાક ૧૯:૦૦ સુધી જેતે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનુ રહેશે.

૩. આ ફોર્મ સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહિ સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલકત કોઇનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલકત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનુ રહેશે.તે આ સાથે સામેલ કરવુ.

૬. ભાડે રાખનારે તેમનુ ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઇલેક્શન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ આ ફોર્મ ભરવાનુ રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

૮. આ સાથે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૯. મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૧૦. ઘણા કિસ્સામાં ધ્યાનમાં આવેલ છે કે કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી જેથી કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ જગ્યા/મિલકત ખાલી ન કરે ત્યારે મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જવાબદારી રહેશે.

| | | |
|---|---|---|
| ૧૧. બને ત્યાં સુધી આપની મિલકત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખીને આપવી.<br>૧૨. મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનુ નિશાન અને સહિઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી<br>રૂબરૂ કરવાનુ રહેશે. | | |
| એજન્ટનુ નામ શ્રી/શ્રીમતી... | | |
| એજન્ટનુ સરનામુ... | | |
| ફોન નં (ઘર) | (ઓફિસ) | (મો.નં) |
| ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું. | | |
| (૧) | | |
| ફોનનં (ઘર) | (ઓફિસ) | (મો.નં) |
| (૨) | | |
| ફોનનં (ઘર) | (ઓફિસ) | (મો.નં) |
| **સાક્ષીની સહી** | | |
| ભાડુઆતનો પાસપોર્ટ સાઇઝનો ફોટો | એકમ,મકાન માલિકનો પાસપોર્ટ સાઇઝનો ફોટો | પોલીસ સ્ટેશન સહિ, સિક્કો અને તારીખ |
| **ભાડુઆતની સહી** | **એકમ,મકાન માલીકની સહી** | **એજન્ટની સહી** |

**:: <u>અમલવારીનો સમય</u> ::**

આ હુકમ તારીખ:૨૬/૦૬/૨૦૨૫ કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૪/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ

ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ :૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.